# 9 હંકારી જા

સુન્દરમ્

(જન્મ : 22-03-1908; અવસાન : 13-01-1991)

કવિ, વાર્તાકાર, વિવેચક ત્રિભુવનદાસ પુરુષોત્તમદાસ લુહારે ‘સુન્દરમ્’ ઉપનામ ધારણ કરીને સાહિત્યસર્જન કર્યું છે. ભરૂચ જિલ્લાનું મિયાંમાતર એમનું વતન. પ્રારંભે અભ્યાસ અને વ્યવસાય અર્થે અમદાવાદમાં રહેલા. 1945થી અવસાન સુધી યોગસાધના માટે પોંડીચેરીના અરવિંદાશ્રમમાં રહેલા, ગાંધીયુગના પ્રમુખ કવિ ટૂંકીવાર્તા ક્ષેત્રે પણ એમનું પ્રદાન નોંધપાત્ર છે. વિવેચન, નાટક, પ્રવાસ, નિબંધ અને અનુવાદક્ષેત્રે પણ એમણે કાર્ય કર્યું છે. ‘કાવ્યમંગલા’, ‘કોયા ભગતની કડવી વાણી’ અને ‘ગરીબોનાં ગીતો, ‘વસુધા’, ‘રંગરંગ વાદળિયાં’ ‘યાત્રા’, ‘વરદા’, ‘મુદિતા’, ‘ઉત્કંઠા’, એમના કાવ્યસંગ્રહો છે. ‘હીરાકણી અને બીજી વાતો !’, ‘ખોલકી અને નાગરિકા’, ‘પ્યાસી’, ‘ઉન્નયન’, ‘તારિણી’ એમના જાણીતા વાર્તાસંગ્રહો છે. ‘અર્વાચીન કવિતા’ તથા ‘અવલોકના’ વિવેચનસંગ્રહો છે. ‘દક્ષિણાયન’ નામનો પ્રવાસગ્રંથ ઉલ્લેખનીય છે. પ્રકૃતિ અને પરમતત્ત્વની આરાધના એમની કવિતામાં કેન્દ્રસ્થાને છે. તેમને જે રણજિતરામ સુવર્ણચંદ્રક, મહીડા પારિતોષિક, નર્મદ સુવર્ણચંદ્રક, સાહિત્ય અકાદમી, દિલ્હીનો આદિ વિવિધ પુરસ્કાર પ્રાપ્ત થયા છે.

આ રચનામાં પ્રભુદર્શનની તીવ્ર ઝંખના સેવતા ભક્ત હૃદયની ઉત્સુક્તા અતિ લાઘવ સાથે રજૂ થઈ છે. ભક્ત હૃદય ભૂખી શબરી જેવું છે. શબરી રામદર્શનની ભૂખી હતી. બોર અર્પણ કરીને એણે દર્શનની ક્ષુધા સંતોષી ભોગને ત્યાગી યોગને પામી. આ સંસારસાગરને ઘાટે અહંના દોરડાથી આ ક્ષુદ્ર અસ્તિત્વની નૌકા બંધાયેલી છે. કવિને ઘાટથી સંતોષ નથી, એમને કિનારાથી છૂટી સાગરના સેરે હિલોળવું છે, પરમતત્ત્વને પામવું છે. એટલે જ કવિ મનના માલિક એવા બંસીધરને કિનારે લાંગરેલી હોડીને સાગરના સેરે ઉતારી જવા વિનવે છે.

---

મારી બંસીમાં બોલ બે વાગાડી તું જા,<br>
મારી વીણાની વાણી જગાડી તું જા.<br>
ઝંઝાનાં ઝાંઝરને પહેરી પધાર પિયા.<br>
        કામનાં કમાડ મારાં ઢંઢોળી જા.<br>
પોઢેલી પાંપણના પડદા ઉપાડી જરા<br>
સોનેરી સોણલું બતાડી તું જા. મારી.<br>
સૂની સરિતાને તીર પહેરી પીતાંબરી,<br>
        દિલનો દડૂલો રમાડી તું જા,<br>
ભૂખી શબરીનાં બોર બેએક આરોગી,<br>
જનમભૂખીને જમાડી તું જા, મારી.<br>
ઘાટે બંધાણી મારી હોડી વછોડી જા,<br>
        સાગરની સેરે ઉતારી તું જા,<br>
મનના માલિક તારી મોજના હલેસે,<br>
        ફાવે ત્યાં એને હંકારી તું જા, મારી.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## શબ્દસમજૂતી

ઝંઝા પવન સાથે પડતો વરસાદ **પિયા** પતિ (અહીં) ઈશ્વર **પીતાંબરી** પીળું અબોટિયું

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક - એક વાક્યમાં ઉત્તર લખો.**

(1) કવિ કોની વાણી જગાડવાની વાત કરે છે ?

(2) કવિ ઈશ્વરને કેવી રીતે પધારવાનું કહે છે ?

(3) સોનેરી સપનું ક્યારે જોઈ શકાય ?

(4) ‘સૂની સરિતા’ એટલે શું ?

(5) મનના માલિકને કવિ શું કહે છે ?

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો.**

(1) શબરીના ઉદાહરણ દ્વારા કવિ શું સમજાવે છે ?

(2) ‘હોડી’ અને ‘સંસાર’નાં પ્રતીકો સ્પષ્ટ કરો.

**3. સવિસ્તર ઉત્તર લખો.**

(1) ‘હંકારી જા’ કાવ્યનો કેન્દ્રવર્તીભાવ સ્પષ્ટ કરો.

## વિદ્યાર્થી પ્રવૃત્તિ

1. પ્રભુભક્તિનાં અન્ય કાવ્યો મેળવી વાંચો.
2. પ્રાર્થનાગીતોનું સંકલન કરી દરરોજ પ્રાર્થનાસભામાં એક-એક પ્રાર્થના ગાવ.

## ભાષા-અભિવ્યક્તિ

આ પ્રાર્થનાગીતમાં ભક્ત ભગવાનને જુદા જુદા ક્રિયારૂપોનો સહારો લઈને પોતાની સ્થિતિને ગતિમાં ફેરવવાની યાચના કરે છે. આ ક્રિયારૂપો નોંધો.

‘વગાડવું’, ‘જગાડવું’, ‘પધારવું’, ‘ઢંઢોળવું’, ‘ઉપાડવું’, ‘બતાવવું’, ‘આરોગવું’, ‘વછોડવું’, ‘ઉતારવું’, ‘હંકારવું’.

હવે તમે આ બધાં ગતિસ્વરૂપ ક્રિયારૂપોની સામે સ્થિતિરૂપ પરિસ્થિતિને મૂકો. દા.ત. બંધ, જગાડવું, સૂતું.

આમ, દરેક પંક્તિમાં રહેલ વર્ણાનુપ્રાસ નોંધો. ‘પહેરી પીતાંબરી’ અને ‘હોડી વછોડી’નો નાદવૈભવ કાવ્યને રવાનુકારી બનાવવામાં મદદરૂપ બને છે. તેનો ખ્યાલ મેળવો.

## શિક્ષકપ્રવૃત્તિ

1. આ કાવ્યનું વર્ગખંડમાં સમૂહગાન કરાવો.
2. સુન્દરમ્‌નાં અન્ય કાવ્યો વિદ્યાર્થીઓને સંભળાવો.

•



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in